NEED 24 NEWS
DIGITAL E-PAPER
हर खबर, हर शहर
PRGI APPLICATION UNDER PROCESS
Application No. T/GJ/2026/0619/2304/1577
GST
GSTIN 24CINPG0564Q1ZT
UDYAM REGISTERED
UDYAM-GJ-14-0003714
www.need24.digital
info@need24.in
+91 98700 06472
FOLLOW US:
तेज़ | सटीक | निष्पक्ष | जनहित में
सच की आवाज़
जन-जन की आवाज़
निडर पत्रकारिता



## રાજપારડી પાસે માધુમતી ખાડીમાંથી અજાણ્યા પુરુષની લાશ મળી આવતા ચકચાર



### ઝઘડિયા તાલુકાના રાજપારડી નજીકની ઘટના, રાજપારડી પોલીસે સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી

**MALEK SIRAJUDDIN I.।** રાજપારડી પાસે માધુમતી ખાડીમાંથી અજાણ્યા પુરુષની લાશ મળી આવતા ચકચાર ઝઘડિયા તાલુકાના રાજપારડી નજીકની ઘટના, ની જાણ થતા રાજપારડીના પીઆઇ વી.આર .દેસાઈ તેમજ રાજપારડી પોલીસે સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી ઝઘડિયા તાલુકાના રાજપારડી નજીકથી પસાર થતી માધુમતી ખાડીમાંથી આજે એક અજાણ્યા પુરુષની લાશ મળી આવતા વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. મળતી માહિતી અનુસાર, માધુમતી ખાડીમાં અજાણ્યા ઇસમની લાશ હોવાની જાણ થતાં રાજપારડી પોલીસ સ્ટેશનના જવાનો તાત્કાલિક ઘટના સ્થળે પહોંચ્યા હતા. પોલીસે લાશને બહાર કાઢી પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવાની તજવીજ હાથ ધરી હતી. મૃતકની ઓળખ તેમજ મોતનું ચોક્કસ કારણ જાણવા માટે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. રિપોર્ટર મલેક સીરાજુદ્દીન જગડીયા

## ધાંગધ્રામાં જાહેરમાં જુગાર રમતા ચાર ઝડપાયા, એકવીસ હજાર સાતસો નો મુદ્દામાલ કબજે




### ધાંગધ્રા શહેર નજીક ભાગૅવી સોસાયટી પાસે જાહેરમાં જુગાર રમી રહેલા ચાર ઈસમોને સીટી પોલીસે રંગેહાથ ઝડપી પાડ્યા છે....

**Bhatti Sinkandar Gulabbhai।** બ્રેકિંગ ન્યુઝ ધાંગધ્રા શહેરનીભાગૅવી સોસાયટી વિસ્તારમાં જાહેરમાં જુગાર રમાતો હોવાની બાતમી ધાંગધ્રા સીટી પોલીસને મળી હતી. આ બાતમીના આધારે પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી જુગાર રમી રહેલા ચાર ઈસમોને દબોચી લીધા હતા. પોલીસે તેમની પાસેથી રોકડ રકમ અને અન્ય મુદ્દામાલ મળીને કુલ ₹21,700 નો મુદ્દામાલ કબજે કર્યો છે.જેમા જુગાર રમતા ગોપાલભાઈ રમુભાઈ કાટોડીયા રાજુભાઈ ચછેલાભાઈ ધરેજીયા મહાવીર ભાઈ નાનજીભાઈ બોહકીયા અખ્તર ભાઈ ગફારભાઈ ભટ્ટી તમામ રહે ધાંગધ્રા વાળાની ધરપકડ કરવામાં આવી હતી પોલીસની આ કાર્યવાહીથી જુગાર રમતા ઈસમોમાં ફફડાટ મચી જવા પામ્યો છે. પોલીસે ઝડપાયેલા ચારેય ઈસમો વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. રિપોર્ટર સિકંદર ભટ્ટી...

## હિંમતનગરમાં આરોગ્ય, પોષણ અને શિક્ષણ વિભાગની કામગીરીની સમીક્ષા બેઠક યોજાઈ..




**Shahbuddin A Shiroya।** સાબરકાંઠાના-: હિંમતનગર ખાતે પ્રભારી સચિવ ડૉ.રતન કંવર ગઢવીચારણની વર્ચુઅલ ઉપસ્થિતિમાં આરોગ્ય, પોષણ અને શિક્ષણ વિભાગની કામગીરીની એક મહત્વપૂર્ણ સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.આ બેઠકમાં વિભાગીય અધિકારીઓ અને કર્મચારીઓએ ભાગ લીધો હતો.બેઠક દરમિયાન રસીકરણથી વંચિત લાભાર્થીઓ સુધી પહોંચવા, 'ટી.બી. મુક્ત ભારત' અભિયાનની પ્રગતિ, પોષણ સંગમ કાર્યક્રમ, ઓછા વજનવાળા બાળકો અને સગર્ભા મહિલાઓની કાળજી રાખવા જેવા આરોગ્ય સંબંધિત મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી. આ ઉપરાંત, શિક્ષણ વિભાગની યોજનાઓ જેવી કે નમો લક્ષ્મી, નમો સરસ્વતી, જ્ઞાન સાધના અને શાળામાંથી ડ્રોપઆઉટ ઘટાડવા અંગે પણ જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.. પ્રભારી સચિવ ડૉ.રતન કંવર ગઢવીચારણે સંબંધિત અધિ...

## લીમડીના રણછોડજી મંદિરે ભાગવત કથા દરમિયાન કૃષ્ણ જન્મોત્સવ ઉજવાયો



**Pankaj Pandit।** લીમડીના રણછોડજી મંદિરે ભાગવત કથા દરમિયાન કૃષ્ણ જન્મોત્સવ ઉજવાયો લીમડી નગરના રણછોડજી મંદિર ખાતે માળી સમાજ દ્વારા શ્રીમદ્ ભાગવત કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. ભાગવત કથા સપ્તાહ દરમિયાન ભગવાન શ્રીકૃષ્ણના જન્મ પ્રસંગની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. કૃષ્ણ જન્મોત્સવ દરમિયાન મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહ્યા હતા. ભક્તોએ ભગવાન શ્રીકૃષ્ણના જન્મ પ્રસંગની ઉજવણીમાં જોડાઈ ભક્તિભાવ વ્યક્ત કર્યો હતો. ભાગવત કથા સાથે ભજન અને કીર્તનના કાર્યક્રમોથી સમગ્ર પંથક ભક્તિમય બની ગયો હતો. મંદિર પરિસરમાં ભક્તિમય વાતાવરણ વચ્ચે ભાવિકોએ કથા શ્રવણનો લાભ લીધો હતો. માળી સમાજ દ્વારા આયોજિત આ ધાર્મિક કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ભક્તોએ ઉપસ્થિત રહી ભાગવત કથા અને કૃષ...

## ઉનામાં ચંદ્રકિરણ ગ્રુપ દ્વારા ભવ્ય ગણેશ વિસર્જન રોડ શો: લાઇવ ડી.જે. અને કલાકારોની રમઝટ

**ARVIND BAMBHANIYA।** ઉના શહેરમાં આવતીકાલે ગણેશ વિસર્જનના પાવન પર્વ નિમિત્તે ચંદ્રકિરણ ગ્રુપ દ્વારા એક અતિ ભવ્ય રોડ શોનું આયોજન કરવામાં આવ્યું છે. આ રોડ શોમાં લાઇવ ડી.જે.ના તાલે સૌ કોઈ ઝૂમશે. આ ઉપરાંત, અનેક નામી અને અનામી કલાકારો પણ પોતાની કલાનું પ્રદર્શન કરશે, જે આ કાર્યક્રમની શોભામાં વધારો કરશે. ચંદ્રકિરણ ગ્રુપ દ્વારા આયોજિત આ ગણેશ વિસર્જન શોભાયાત્રામાં મોટી સંખ્યામાં સ્થાનિક નાગરિકો અને ભક્તો જોડાશે તેવી અપેક્ષા છે. આ રોડ શો ગણેશજીની મૂર્તિઓના ભવ્ય વિસર્જન સાથે સંપન્ન થશે. આયોજકો દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. આ ભવ્ય રોડ શો શહેરભરમાં ચર્ચાનો વિષય બન્યો છે. લોકો આ કાર્યક્રમની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે. આયોજન કર્તાઓનો ઉદ્દેશ્ય ગણેશ વિસર્જનને...

## થાન તાલુકાના ખાખરાથળમાં એલોપેથી દવા સાથે બોગસ ડોક્ટર ઝડપાયો

**Parmar Ghanshyam Ratilal।** થાન તાલુકાના ખાખરાથળ ગામમાં એક બોગસ ડોક્ટર ઝડપાવાની ઘટના સામે આવી છે. સ્થાનિક સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, આ બોગસ ડોક્ટર એલોપેથી દવાઓનો જથ્થો અને મેડિકલ સાધનો સાથે મળી આવ્યો હતો. આ અંગેની જાણ થતાં આરોગ્ય વિભાગની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. આરોગ્ય વિભાગની ટીમે બોગસ ડોક્ટર પાસેથી મોટી માત્રામાં એલોપેથી દવાઓ અને અન્ય મેડિકલ સાધનોનો જથ્થો કબજે કર્યો છે. આ ડોક્ટર પાસે મેડિકલ પ્રેક્ટિસ કરવા માટે કોઈ યોગ્ય લાયકાત કે પરવાનો ન હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. આ બનાવને પગલે આરોગ્ય વિભાગ દ્વારા કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ બોગસ ડોક્ટર કેટલા સમયથી પ્રેક્ટિસ કરતો હતો અને તેણે કેટલા લોકોને સારવાર આપી છે તે અંગે પણ તપાસ શરૂ કરવામાં...

## મોરબીમાં ગણેશ વિસર્જન દરમિયાન મોટી દુર્ઘટના: મચ્છુ નદીમાં 4 લોકો ડૂબ્યા



**meet hemantbhai mandora।** મોરબીમાં ગણેશ વિસર્જનના ઉત્સવ દરમિયાન એક મોટી દુર્ઘટના ઘટી છે. મચ્છુ નદીમાં મૂર્તિ વિસર્જન કરવા ગયેલા ચાર લોકો અચાનક પાણીમાં ડૂબ્યા હતા. ઘટનાની જાણ થતા તુરંત જ બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી. આ કામગીરી દરમિયાન ચારમાંથી બે લોકોને આબાદ રીતે બચાવી લેવામાં આવ્યા છે. જોકે, અન્ય બે લોકો હજુ પણ નદીના પાણીમાં ગાયબ છે. લાપતા થયેલા બે વ્યક્તિઓની શોધખોળ માટે તંત્ર દ્વારા સઘન કામગીરી ચાલુ કરવામાં આવી છે.

## આનંદ ચૌદસ નિમિત્તે લુણાવાડામાં ગણેશ ભક્તોનો મહાસંગમ - વાંસીયા તળાવ ભક્તિમાં તરબોળ



**Hasmukh Bhoi।** નમસ્કાર! લુણાવાડામાં શ્રદ્ધા, ભક્તિ અને DJ ના તાલે ગણેશ વિસર્જનનો અનોખો સંગમ મહીસાગર જિલ્લાના લુણાવાડા શહેરમાં, આનંદ ચૌદસના પાવન પર્વ નિમિત્તે, ગણેશ વિસર્જનનો અદભૂત નજારો જોવા મળ્યો. સવારથી બપોર સુધીમાં, ઘરે સ્થાપિત 100 થી વધારે ગણેશ મૂર્તિઓનું, વાંસીયા તળાવ ખાતે વિધિવત વિસર્જન કરવામાં આવ્યું. બપોરબાદ શહેરના 30 થી વધુ નાના-મોટા સાર્વજનિક મંડળોની વિસર્જન યાત્રા, DJ ના તાલે અને ઢોલ નગારા સાથે નીકળી. "ગણપતિ બાપ્પા મોરિયા, અગલે બરસ તુ જલ્દી આ" ના જયઘોષથી, આખું લુણાવાડા ભક્તિમય બની ગયું હતું. પોલીસ અને નગરપાલિકાના સહયોગથી, સમગ્ર વિસર્જન અત્યંત શાંતિપૂર્ણ રીતે સંપન્ન થયું હતુ

## ભરૂચમાં વિજય ડેરીના નવા પાર્લરનો ભવ્ય શુભારંભ




**ભરૂચ શહેરમાં વિજય ડેરી દ્વારા નવા પાર્લરનું ભવ્ય શુભારંભ કરવામાં આવ્યું છે, જે સ્થાનિક નાગરિકો માટે સુવિધાયુક્...**

**Divyarajsinh Gohil।** ભરૂચ શહેરમાં વિજય ડેરીના નવા પાર્લરનો ભવ્ય શુભારંભ યોજાયો હતો. આ પ્રસંગે મોટી સંખ્યામાં સ્થાનિક નાગરિકો અને ડેરીના શુભચિંતકો ઉપસ્થિત રહ્યા હતા. નવા પાર્લરના શુભારંભથી ભરૂચના રહેવાસીઓને વિજય ડેરીના ઉત્તમ ઉત્પાદનો સરળતાથી ઉપલબ્ધ થશે. ડેરી દ્વારા ગુણવત્તાયુક્ત દૂધ અને દૂધની બનાવટો પૂરી પાડવા પર ભાર મૂકવામાં આવ્યો છે. આ નવા પાર્લરની સ્થાપના સ્થાનિક અર્થતંત્રને પણ વેગ આપશે અને રોજગારીની નવી તકો ઊભી કરશે તેવી અપેક્ષા રાખવામાં આવી રહી છે. વિજય ડેરી તેના ગ્રાહકોને શ્રેષ્ઠ સેવા આપવા માટે પ્રતિબદ્ધ છે.

## માલિયાધારા ગામ ચીખલી તાલુકા ખાતે આયુષ મેળા નું આયોજન




**Kamlesh Solanki।** ચીખલી તાલુકામાં શિવ મંદિર મલીયાધરા ખાતે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ગુજરાત રાજ્ય,નિયામકશ્રી આયુષની કચેરી ગાંધીનગર તેમજ જિલ્લા પંચાયત નવસારીના માર્ગદર્શન હેઠળ આયુર્વેદ શાખા જિલ્લા પંચાયત નવસારી દ્વારા આયુષ મેળાનું આયોજન કરવામાં આવ્યું.જિલ્લા આયુર્વેદ અધિકારી વૈદ્ય કાજલબેન મઢીકર દ્વારા મહેમાનો નું શાબ્દિક સ્વાગત કરી,આયુષ મેળા અને આયુષ શાખા ની કામગીરી વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી. માન. જિલ્લા પંચાયત સભ્ય ડૉ.નેહાબેન જયવદન પટેલ દ્વારા આયુર્વેદ અને હોમીયોપેથી પદ્ધતિથી ખૂબ સારા પરિણામ મળે છે આયુર્વેદની ત્વરિત અગ્નિકર્મ થી ખૂબ સારા પરિણામ મળે છે તેમ જણાવ્યું તેમજ વધુમાં વધુ લોકો આયુર્વેદ અને હોમિયોપેથી ચિકિત્સાનો લાભ લે તેવી અપીલ કરવામા...

### આંગણા નો ઉત્સવ



**THAKOR ASHOKKUMAR PRADIPJI।** આજ રોજ કલોલ તાલુકાના નાસ્મેદ ગામે આંગણા નો ઉત્સવની ઉજવણી કરવાંમાં આવેલ. જેમાં કલોલના ધારાસભ્યશ્રી લક્ષ્મણજી પુંજાજી ઠાકોર તથા ગાંધીનગર જિલ્લા ના આરોગ્ય સમિતિ ના ચેરમેન ગાંધીનગર જિલ્લા સંગઠનના મહામંત્રી ભુલાભાઈ ગાંધીનગર જિલ્લા મહિલા મોરચા પ્રમુખ ઉર્વશી બેન કલોલ તાલુકા ના પ્રમુખ વિષ્ણુ ભાઈ પટેલ ઉપપ્રમુખ કેશીબેન નટવરજી ઠાકોર મહિલા મોરચા પ્રમુખ હંસાબેન મહિલા મોરચા મહામંત્રી પ્રિયંકાબેન સુનિલજી ઠાકોર પૂર્વ જિલ્લા પ્રમુખ કાન્તિજી પૂર્વ કલોલ તાલુકા પ્રમુખ નટવરજી વાયણા અઢાણા ઢે.વાસજડા, મુલાસાણા નાસ્મેદના આંગણવાડી કાર્યકર્તા સહ કાર્યકર્તા બેનો બધા હાજર હતા

### સુરતમાં ગણેશ વિસર્જન પ્રસંગે પ્રસાદીનું ભવ્ય આયોજન




**Umesh Makwana, Surat।** સુરતના પાંડેસરા વિસ્તારમાં ગણેશ વિસર્જનના પવિત્ર પ્રસંગે એક ભવ્ય પ્રસાદીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ આયોજન દ્વારા મોટી સંખ્યામાં ઉપસ્થિત શ્રદ્ધાળુઓને પ્રસાદ વહેંચવામાં આવ્યો હતો. આ પ્રસાદીના આયોજનનો મુખ્ય ઉદ્દેશ્ય ગણેશ વિસર્જનમાં ભાગ લેવા આવેલા ભક્તોની સેવા કરવાનો હતો. લોકોએ આ પહેલને ખૂબ જ સરાહનીય ગણાવી હતી અને આયોજકોનો આભાર વ્યક્ત કર્યો હતો. આ કાર્યક્રમ દરમિયાન, સામાજિક અને ધાર્મિક ભાવનાનું ઉત્તમ પ્રદર્શન જોવા મળ્યું હતું. પાંડેસરા વિસ્તારમાં આ પ્રકારના આયોજનો સ્થાનિક સમુદાયમાં એકતા અને સેવાભાવને પ્રોત્સાહન આપે છે.

### સુરતમાં ભક્તિમય માહોલમાં ગણેશજીની ભવ્ય વિદાય

**Umesh Makwana, Surat।** સુરત શહેરમાં આજે ગણેશ ઉત્સવની પૂર્ણાહુતિ નિમિત્તે ભગવાન ગણેશજીની મૂર્તિઓના વિસર્જન માટે ભવ્ય શોભાયાત્રાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. શહેરના વિવિધ વિસ્તારોમાંથી હજારોની સંખ્યામાં ભક્તો જોડાયા હતા અને ઢોલ-નગારાના તાલે ગણેશજીની મૂર્તિઓને વિસર્જન સ્થળો સુધી લઈ ગયા હતા. આ શોભાયાત્રાઓમાં લોકોનો ઉત્સાહ અને ભક્તિભાવ અનેરો જોવા મળ્યો હતો. 'ગણેશ મહારાજ, મોર્યા રે! આગલા બરસ તું જલદી આ!'ના નાદ સાથે વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. અનેક વિસ્તારોમાં સાર્વજનિક ગણેશ મંડળો દ્વારા આયોજિત શોભાયાત્રાઓમાં આકર્ષક ફ્લોટ્સ અને સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજાયા હતા, જેણે લોકોનું ધ્યાન ખેંચ્યું હતું. પોલીસ અને સ્થાનિક વહીવટીતંત્ર દ્વારા વિસર્જન સ્થળો પર સુરક્ષા અને વ્યવસ્...

### શિનોર તાલુકાની ધર્મપ્રેમી જનતા માટે આનંદ ના સમાચાર.

**Rathod Shahidkha।** શિનોર તાલુકાના મિઢોળ ગામ પાસે 800 મેગાવોટ ના 2(800×2) સુપર ક્રિટીકલ થર્મલ પાવર સ્ટેશન ને મંજુરી આપવા બદલ માન્ય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ , માન્ય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ, માન્યય નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષસંઘવી, તેમજ કરજણ, શિનોર ના ધારાસભ્ય શ્રી અક્ષય ભાઇ પટેલ સાહેબનો હૃદયપૂર્વક આભાર. આ મહત્વપૂર્ણ મંજુરી થી શિનોર તાલુકાના વિકાસ ને નવી ગતી મળશે.તેમજ સ્થાનીક સ્તરે રોજગારી , ઉધોગ આર્થિક વિકાસ ની નવી તકો ઉભી થશે તેવી આશા છે. આ ઐતિહાસિક અને મહત્વપૂર્ણ નિર્ણય બદલ સૌનૌ હ્રદયપૂર્વક આભાર માન્યો છે.

## ગોવિંદપુરાથી ઉંઝા સુધી ૧૨મી ઉમા પગપાળા યાત્રાનો શુભારંભ



**Thakor Nayansinh Amarsinh।** ગોવિંદપુરા ખાતે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા આયોજિત શ્રી ઉમા પગપાળા યાત્રા સંઘ તેના ૧૨મા વર્ષમાં પ્રવેશ્યો છે. છેલ્લા ૧૧ વર્ષથી સતત યોજાતી આ યાત્રામાં દર વર્ષે આશરે ૧૦૦ થી ૧૫૦ માઈભક્તો જોડાઈને ભક્તિભાવ સાથે માં ઉમિયાના ધામ ઉંઝા તરફ પગપાળા યાત્રા કરે છે. આ યાત્રા દરમિયાન ભક્તો દ્વારા ભજન-કીર્તન અને માતાજીના જયઘોષ સાથે સમગ્ર વાતાવરણ ભક્તિમય બની જાય છે. યાત્રાના આગલા દિવસે ભોજન સમારંભનું આયોજન કરવામાં આવે છે તેમજ નગર યાત્રા પણ યોજાય છે, જેમાં મોટી સંખ્યામાં માઈભક્તો અને ગ્રામજનો જોડાય છે. શ્રી ઉમા પગપાળા યાત્રા સંઘની આ ધાર્મિક પરંપરા સતત ૧૨મા વર્ષમાં પણ ભક્તિ, સેવા અને એકતાનો સંદેશ આપી રહી છે. આયોજકોમાં અજય પટેલ, ઘનશ્યામ પટેલ, વિમલ પટેલ,...

### ગોવિંદપુરાથી ઉંઝા સુધી ૧૨મી ઉમા પગપાળા યાત્રાનો પ્રારંભ, ભક્તિમય માહોલ



**Thakor Nayansinh Amarsinh।** ગોવિંદપુરા ખાતે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા આયોજિત શ્રી ઉમા પગપાળા યાત્રા સંઘ આ વર્ષે તેના ૧૨મા વર્ષમાં પ્રવેશી રહ્યો છે. છેલ્લા ૧૧ વર્ષથી સતત યોજાતી આ યાત્રામાં દર વર્ષે આશરે ૧૦૦થી ૧૫૦ માઈભક્તો જોડાઈને ભક્તિભાવ સાથે માં ઉમિયાના ધામ ઉંઝા તરફ પગપાળા યાત્રા કરે છે. આ યાત્રા દરમિયાન ભક્તો દ્વારા ભજન-કીર્તન અને માતાજીના જયઘોષ સાથે સમગ્ર વાતાવરણ ભક્તિમય બની જાય છે. યાત્રાના આગલા દિવસે ભોજન સમારંભનું આયોજન કરવામાં આવે છે તેમજ નગર યાત્રા પણ યોજાય છે, જેમાં મોટી સંખ્યામાં માઈભક્તો અને ગ્રામજનો જોડાય છે. શ્રી ઉમા પગપાળા યાત્રા સંઘની આ ધાર્મિક પરંપરા સતત ૧૨મા વર્ષમાં પણ ભક્તિ, સેવા અને એકતાનો સંદેશ આપી રહી છે. આયોજકોમાં અજય પટેલ, ઘનશ્યામ પટેલ,...

### જન્મદિવસની અનોખી ઉજવણી : ૧૦૦થી વધુ બાળકોને નાસ્તાની કીટનું વિતરણ કરવામા આવ્યુ

**Gilani Asikali।** અમદાવાદ જીલ્લાના વીરમગામના નામાંકિત એડવોકેટ & નોટરી કુમારી રુકસાનાબેન અકબરભાઈ ગિલાણી ના પુત્ર ફૈઝલ અબ્બાસ ગિલાણી એડવોકેટ એન્ડ કમિશનર ઓફ ઓથ ના ચિરંજીવ રેયાન ગીલાણી પુત્ર તથા હયાત ગીલાણી પુત્રી ના જન્મદિવસ નિમિત્તે અનોખી રીતે ઉજવણી કરવામાં આવી હતી.જન્મદિવસની ઉજવણીના ભાગરૂપે વીરમગામ આનંદ મંદિર પ્રાથમિક શાળાના બાળકોને ચોકલેટ તેમજ તેમના બે ક્લાસના આશરે ૧૦૦થી વધુ બાળકોને નાસ્તાની કીટ અને લંચ બોક્સ આપવામાં આવ્યા હતા.બાળકોના ચહેરા પર ખુશી જોવા મળી હતી. જન્મદિવસની ઉજવણીને સેવાકીય પ્રવૃત્તિ સાથે જોડીને સમાજમાં માનવતાનો સુંદર સંદેશ આપવામાં આવ્યો હતો. આવી અનોખી ઉજવણીને ઉપસ્થિત સૌએ આવકારી હતી. રિપોર્ટર આસીક અલી ગીલણી વિરમગામ

## કોકરોચ પાર્ટીની માંગ: મુખ્ય ચૂંટણી કમિશનર 48 કલાકમાં રાજીનામું આપે



**meet hemantbhai mandora, Rajkot।** એક રાજકીય પક્ષ, જેની ઓળખ 'કોકરોચ પાર્ટી' તરીકે આપવામાં આવી છે, તેણે એક આકરા નિવેદનમાં દેશના મુખ્ય ચૂંટણી કમિશનર પાસેથી તાત્કાલિક રાજીનામાની માંગ કરી છે. પાર્ટી દ્વારા જારી કરાયેલા નિવેદનમાં સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું છે કે મુખ્ય ચૂંટણી કમિશનરે આગામી 48 કલાકની અંદર પોતાના પદ પરથી રાજીનામું આપવું જોઈએ. આ માંગ પાછળના ચોક્કસ કારણો અંગે હાલમાં કોઈ વિગતો જાહેર કરવામાં આવી નથી, પરંતુ આ નિવેદન રાજકીય વર્તુળોમાં ચર્ચાનો વિષય બન્યું છે.

## નવયુવક મંડળ ચાસા તાલુકા ચીખલી ના દ્વારા ગણપતિ બાપા નું વિસર્જન

**Kamlesh Solanki।** નવયુવક મંડળ ચાસા ધોડિયાવાડ માં નીલુ ઓર્કેસ્ટ્રા ખડકી ના ધોલના તાલે ગણપતિ બાપા ના ભક્તો મોટી સંખ્યા માં ગુલાબના રંગમાં રંગાયા , ભક્તિ ભાવથી ગણપતિ બાપા ની પૂજા અર્ચના કરી વિસર્જન કર્યું. લોકો મુખ માંથી ગણપતિ બાપા મોર્યા અર્ધુ લાડુ ચોરીયાના નાદ સાથે બાપાની વિદાય કરી..

## ચીખલી તાલુકાના મીણકચ્છ અને ચાસા ગામ ભક્તો દ્વારા ગણેશજીની મૂર્તિના વિસર્જન કર્યુ



**Kamlesh Solanki।** ચીખલી તાલુકાના મીણકચ્છ અને ચાસા ગામ ભક્તો દ્વારા ગણેશજીની મૂર્તિના વિસર્જન કર્યુ . એક જ નાદ ગણપતિ બાપા મોર્યા, ચાસા ગામના સરપંચ શ્રીમતી અંજલીબેન પટેલના રૂબરૂમાં બાપાનું વિસર્જન શાંતિ પૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું. ચીખલી પોલીસ સ્ટેશને ફાળવેલ પોલીસના સ્ટાફે પણ ખડે પગે ઊભા રહી ખૂબ કાળજી પૂર્વક વ્યવસ્થા ઊભી કરી હતી.

## સચિન ભાઈ પટેલે પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી



**વડોદરા જિલ્લાના શિનોર તાલુકાના પૂર્વ બાંધકામ સમિતિના ચેરમેન શ્રી સચિન ભાઈ પટેલે પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીની જન્...**

**Rathod Shahidkha।** વડોદરા જિલ્લાના શિનોર તાલુકામાં પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીની જન્મજયંતી નિમિત્તે એક કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં શિનોર તાલુકાના પૂર્વ બાંધકામ સમિતિના ચેરમેન શ્રી સચિન ભાઈ પટેલે સ્વર્ગસ્થ પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીને પુષ્પાંજલિ અને ભાવાંજલિ અર્પણ કરી. આ પ્રસંગે, શ્રી સચિન ભાઈ પટેલે પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીના જીવન અને કાર્યોને યાદ કર્યા. તેમણે ઉપાધ્યાયજીના વિચારો અને સિદ્ધાંતો સમાજ માટે હંમેશા પ્રેરણારૂપ રહેશે તેમ જણાવ્યું. આ કાર્યક્રમમાં સ્થાનિક આગેવાનો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. સૌએ સાથે મળીને પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીને ભાવભીની શ્રદ્ધાંજલિ પાઠવી.

## વડોદરા: શિનોર ગામમાં પૂર્વ બાંધકામ સમિતિ ચેરમેન સચિનભાઈ પટેલે મન કી બાતનો 138મો એપિસોડ નિહાળ્યો



**Rathod Shahidkha।** વડોદરા જિલ્લાના શિનોર ગામમાં એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પૂર્વ બાંધકામ સમિતિના ચેરમેન શ્રી સચિનભાઈ પટેલે સ્થાનિક નાગરિકો સાથે મળીને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના "મન કી બાત" કાર્યક્રમનો 138મો એપિસોડ ઉત્સાહપૂર્વક નિહાળ્યો. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા અને સૌએ સાથે મળીને પ્રધાનમંત્રીના વિચારો અને સૂચનો સાંભળ્યા હતા. "મન કી બાત" કાર્યક્રમ દેશના નાગરિકોને પ્રેરણા અને માર્ગદર્શન પૂરું પાડતો એક મહત્વપૂર્ણ માધ્યમ બન્યો છે. શ્રી સચિનભાઈ પટેલે આ પ્રસંગે જણાવ્યું હતું કે "મન કી બાત" દ્વારા પ્રધાનમંત્રી દેશના ખૂણે ખૂણામાં રહેતા લોકોના વિચારો અને સિદ્ધિઓને લોકો સમક્ષ લાવે છે, જે ખૂબ જ પ્રશં...

## લગ્નના ૪ મહિના બાદ પરિણીતાનું શંકાસ્પદ મોત: દહેજ-ત્રાસની ફરીયાદ બાદ પરિવારનો ન્યાય માટે આક્રોશ




**Zala axaratirthsinh, Surat।** ચાર મહિના પહેલા જ લગ્નગ્રંથિથી જોડાયેલી એક યુવતીનું શંકાસ્પદ હાલતમાં મોત થતાં ચકચાર મચી ગઈ છે. મૃતક પરિણીતાના પરિવારજનોએ આક્ષેપ કર્યો છે કે તેમની દીકરીને લગ્ન બાદથી જ દહેજ માટે ત્રાસ આપવામાં આવતો હતો. આ દુઃખદ ઘટનાએ પરિવારમાં શોક અને આક્રોશની લાગણી જગાવી છે. પરિવારજનોના જણાવ્યા અનુસાર, લગ્નના થોડા સમય બાદ જ દીકરી પર દહેજ માટે દબાણ વધવા લાગ્યું હતું. આ અંગે તેમણે પોલીસમાં ફરિયાદ નોંધાવવાની ચીમકી ઉચ્ચારી છે અને આ ઘટનાની ઊંડાણપૂર્વક તપાસની માંગ કરી છે. મૃત્યુનું ચોક્કસ કારણ જાણવા માટે પોસ્ટમોર્ટમ રિપોર્ટની રાહ જોવાઈ રહી છે. આ ઘટનાએ સમાજમાં દહેજ પ્રથા અને તેના કારણે થતા અત્યાચાર પર ફરી એકવાર ગંભીર સવાલો ઉભા કર્યા છે. પરિવારજનો ન્યાય માટે લડી રહ્...

## સુરેન્દ્રનગર એલસીબીએ ધાંગધ્રા ના ઈસદ્રાગામે જુગાર રમતા પાંચ શખ્સોને ઝડપી પાડ્યા, રૂ. 20.050 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો



**Bhatti Sinkandar Gulabbhai।** સુરેન્દ્રનગર એલસીબી (લોકલ ક્રાઇમ બ્રાન્ચ) દ્વારા ધાંગધ્રા તાલુકાના નાઇસદ્રા ગામમાં જુગારધામ પર દરોડો પાડવામાં આવ્યો હતો. આ કાર્યવાહી દરમિયાન, પોલીસે પાંચ વ્યક્તિઓને જાહેરમાં જુગાર રમતા ઝડપી પાડ્યા હતા. પોલીસની ટીમે સ્થળ પરથી જુગાર રમવા માટે ઉપયોગમાં લેવાતા સાધનો અને રોકડ રકમ સહિત કુલ આશરે વિસ હજાર પચાસ રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો છે. ઝડપાયેલા આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ દરોડો સ્થાનિક વિસ્તારમાં ચાલતી ગેરકાયદે પ્રવૃત્તિઓ પર અંકુશ લાવવાના પોલીસના પ્રયાસોનો એક ભાગ છે. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. રિપોર્ટર સિકંદર ભટ્ટી ધાગધ્રા

## સુરખાઈ ગામ ખાતે નવસારી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ નું ચિંતન શિબિર નું આયોજન

**Kamlesh Solanki।** આજ રોજ ચીખલી તાલુકાના સુરખાઈ ગામ ખાતે નવસારી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ નું ચિંતન શિબિર નું આયોજન કરવામાં આવ્યું. જે શિબિરમાં ગુજરાત રાજયના કેબિનેટ મંત્રીશ્રી નરેશભાઈ પટેલ સાહેબ,ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખશ્રી દિગ્વિજયસિંહ જાડેજા,નવસારી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી અરુણકુમાર અગ્રવાલ, ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના મહામંત્રીશ્રી મહામંત્રીશ્રી જૈમીનભાઈ પટેલ તેમજ ચીખલી તાલુકાના શિક્ષકગણના હોદ્દેદારો અને શિક્ષક ગણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા,પ્રમુખશ્રી દિગ્વિજયસિંહ જાડેજા સાહેબ કહ્યું કે નવસારી જિલ્લો તમામ પ્રવૃત્તિઓ માં અગ્રેસર રહે જ છે. જેથી નવસારી જિલ્લા પ્રાથમિક સંઘના પરિવારો ને અભિનંદન પાઠવ્યા. અંતે તમામ પધારેલ મહાનુભ...

## હિંમતનગર નજીક કાટવાડ ગામમાં પરિણીતાનો આપઘાત: દહેજ અને ત્રાસની ફરિયાદ બાદ સાસરિયાઓ સામે ગુનો દાખલ

**Zala axaratirthsinh।** સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના કાટવાડ ગામમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. લગ્નના માત્ર ૪ થી ૬ મહિનામાં જ એક નવવધૂએ ગળેફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી છે. આ ઘટના બાદ મૃતકના પિયર પક્ષ દ્વારા ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે. મૃતક પરિણીતાના પિયર પક્ષે તેમના જમાઈ અને સાસરિયાઓ પર દહેજની માંગણી, મૃતકના ચારિત્ર્ય પર શંકા કરવાનું અને શારીરિક તેમજ માનસિક ત્રાસ આપ્યાનો ગંભીર આરોપ લગાવ્યો છે. આક્ષેપોના પગલે સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે. આ મામલે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં મૃતકના પતિ સહિત કુલ ૬ સાસરિયાઓ સામે આત્મહત્યા માટે દુષ્પ્રેરણાનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે. પોલીસે આ ફરિયાદના આધારે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી છે અને અત્યાર સુધીમ...